# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 13-08-2024 Morning : 7.45 to 7.55
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

****************************************************

- ✓ દરેક જીલ્લામાં એક સૌર ગામ બનાવવા માટેની પીએમ સૂર્ય ઘર- મફત બિલ યોજના માટે કેન્દ્ર સરકારે માર્ગદર્શિકા જાહેર કરી
- ✓ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ ઇમ્પેક્ટ વિથ યુથ કોન્કલેવને સંબોધતા કહ્યુ કે વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવામા યુવાનોની મહત્વપૂર્ણ ભૂમિકા
- ✓ ગત વર્ષની તુલનામાં પ્રત્યક્ષ કરની આવક 23.99 ટકાના વધારા સાથે 8.13 લાખ કરોડને પાર પહોંચી
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે તિરંગા યાત્રાનો અમદાવાદના વિરાટનગરમાંથી લીલી ઝંડી દર્શાવીને પ્રારંભ કરાવશે
- ✓ હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન મધ્ય, પૂર્વોત્તર અને દક્ષિણ ભાગમાં ભારે વરસાદની આગાહી કરી

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# GOVERNMENT ON SOLAR MODEL VILLAGE

સરકારે પીએમ સૌર ઘર મફત વીજળી યોજના હેઠળ આદર્શ સૌર ઘર માટેની માર્ગદર્શિકા જાહેર કરી છે. નવીન અને પુનહપ્રાપ્ય ઊર્જા મંત્રાલય દ્વારા એક નિવેદનમાં કહેવાયું છે કે આ યોજના અંતર્ગત પ્રત્યેક જિલ્લામાં એક સૌર ગામ તૈયાર કરાશે. મંત્રાલયે જણાવ્યું છે કે પ્રત્યેક સૌર ગામ દીઠ રૂપિયા એક કરોડ, જ્યારે કે સમગ્ર યોજનામાં કુલ 800 કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. વધુમાં આ યોજના હેઠળ પાંચ હજારની વસતી ધરાવતા જયારે કે, વિશેષ શ્રેણીમાં બે હજારથી વધુ વસતિ ધરાવતા અને આવક કરતા ગામોને સામેલ કરાશે.

મંત્રાલયે જણાવ્યું છે કે જિલ્લા સ્તરીય સમિતિ દ્વારા સંભવિત ગામોની જાહેરાત બાદ છ મહિનામાં ગામોની પુનઃપ્રાપ્ય ઊર્જાની ક્ષમતાને આધારે ગામોની મૂલ્યાંકન કરાશે. દરેક જિલ્લામાં સૌથી લધુ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતા ધરાવતા વિજેતા ગામને રૂપિયા એક કરોડની નાણાકીય સહાય પ્રાપ્ત થશે.

આ વર્ષે ફેબ્રુઆરીમાં સરકારે છત પર સૌર ઊર્જા ઉત્પાદનની ભાગીદારીને વધારવા તેમજ રહેણાંક વિસ્તારોમાં વીજળી ઉત્પન્ન કરવા માટે સશક્તિકરણ કરવાના હેતુથી આ યોજનાને મંજૂરી આપી હતી.

# GUJARAT YOUTH CONFERENCE

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડો.મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે 2047 સુધીમાં વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં યુવાનોની મહત્વની ભૂમિકા છે.

ગઈકાલે અમદાવાદમાં 'ઈમ્પેક્ટ વિથ યુથ કોન્ક્લેવ 2024'માં બોલતા શ્રી માંડવિયાએ જણાવ્યું હતું કે ભારત એક યુવા દેશ છે અને વિકસિત રાષ્ટ્રનું વિઝન હાંસલ કરવું એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે, પરંતુ યુવાનોની વિશેષ ભૂમિકા છે. શ્રી માંડવિયાએ યુવાનોને તેમના સંબંધિત ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા અને દેશ માટે શ્રેષ્ઠ યોગદાન આપવા વિનંતી કરી હતી અને યુવાનોને કૌશલ્ય અને રોજગાર પ્રદાન કરવાની સરકારની પ્રતિબદ્ધતાની પણ પુનઃપુષ્ટિ કરી.

તેમણે ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મુક્યો હતો અને યુવાનોને 'મેરા ભારત પોર્ટલ'નો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરી હતી. આ કાર્યક્રમનું આયોજન સંયુક્ત રાષ્ટ્રસંઘ ભારત, યુનિસેફ, યુનિસેફ યુથ અને એલિક્સિર ફાઉન્ડેશન દ્વારા મંત્રાલયના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# DIRECT TAXES 1

એપ્રિલથી 11 ઓગસ્ટ સુધીના કુલ પ્રત્યક્ષ કર સંગ્રહમાં પાછલા વર્ષના સમાન સમયગાળાની તુલનામાં 23.99 ટકાનો વધારો થયો છે, જે 8.13 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયો છે.

આવકવેરા વિભાગે જણાવ્યું હતું કે પાછલા વર્ષના સમાન સમયગાળા દરમિયાન પ્રત્યક્ષ કર સંગ્રહ 6.55 લાખ કરોડ રૂપિયા હતું. નેટ કલેક્શન 6.93 લાખ કરોડ રૂપિયા નોંધાયું હતું, જે 22.48 ટકાના વધારાને દર્શાવે છે.

# AMIT SHAH - TIRANGAA YATRA

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે સાંજે અમદાવાદમાં તિરંગા યાત્રાને લીલી ઝંડી આપશે. આ યાત્રામાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ભાગ લેશે.

હર ઘર તિરંગા અભિયાનના ભાગરૂપે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂર્વ અમદાવાદના વિરાટનગર વિસ્તારમાંથી આ યાત્રાનું આયોજન કરવામાં આવશે. આ યાત્રાનો ઉદ્દેશ્ય લોકોમાં એકતાઅને રાષ્ટ્રીય ગૌરવને પ્રોત્સાહન આપવાનો છે. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો ભાગ લે તેવી શક્યતા છે.

# AGRICULTURE MINISTER-MEETING

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ગઈકાલે નવી દિલ્હીમાં ન્યુઝીલેન્ડના કૃષિ મંત્રી ટોડ મેકક્લે સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. બેઠકમાં, બંને દેશોની કૃષિ પ્રાથમિકતાઓ પર ખાસ ધ્યાન આપવું અને ભાગીદારીના નવા રસ્તાઓ શોધવા પર ચર્ચા કરવામાં આવી હતી.

ખાસ કરીને બાગાયત અને મત્સ્યદ્યોગમાં તકનીકી સહયોગ પર વિશેષ ધ્યાન રાખવાની પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. બંને નેતાઓએ કૃષિ ભાગીદારીને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. શ્રી ચૌહાણે ભારત સાથેના સંબંધોને મજબૂત કરવા માટે ન્યુઝીલેન્ડના સક્રિય પ્રયાસોની પ્રશંસા કરી હતી.

# GOVT KHARIF

કેન્દ્ર સરકારે જણાવ્યું છે કે દેશમાં 979 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું છે.

કૃષિ મંત્રાલયની યાદીમાં જણાવાયું છે કે 331.78 લાખ હેક્ટર વિસ્તારમા ડાંગરનુ વાવેતર કરવામાં આવ્યું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન 318.16 લાખ હેક્ટર વિસ્તાર કરતા વધુ છે. તેવી જ રીતે ગત વર્ષની 110.08 લાખ હેક્ટરની સરખામણીમાં 117 લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં કઠોળનું વાવેતર નોંધાયું છે. લગભગ 173 લાખ હેક્ટર વિસ્તારમાં બરછટ અનાજનુ વાવેતર થયુ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો આ સમાચાર આપ અમારી . Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશોવધુ સમાચાર માટે . આપઅમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# I&B ADVISORY -CALAMITIES

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયે તમામ ખાનગી સેટેલાઇટ ટીવી ચેનલોને સૂચના જારી કરી છે. કુદરતી આપત્તિના કવરેજમાં દર્શાવાતા દ્રશ્યો સમયઅને તારીખ સાથે દર્શાવે તેવી સૂચના આપી છે.

એડવાઈઝરીમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે પણ કોઈ આપત્તિ અથવા કુદરતી આફત આવે છે ત્યારે ટીવી ચેનલો ઘણા દિવસો સુધી સતત કવરેજ આપે છે પરંતુ જે દિવસે ઘટના બની તે દિવસથી વારંવાર ફૂટેજ બતાવે છે. તે કહે છે કે આનાથી દર્શકોમાં બિનજરૂરી મૂંઝવણ અને સંભવિત ગભરાટ પેદા થાય છે.

ટીવી ચેનલોને એ સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવી છે કે આવી ઘટનાઓના વિઝ્યુઅલમાં દર્શકોમાં કોઈ ગેરસમજ ન થાય તે માટે ફૂટેજની ટોચ પર 'તારીખ અને સમય' સ્ટેમ્પ પ્રદર્શિત થવો જોઈએ. ટીવી ચેનલોને પણ આવી ઘટનાઓનું પ્રસારણ કરતી વખતે પ્રોગ્રામ કોડનું પાલન કરવાનું કહેવામાં આવ્યું છે.

# IMD

ભારતીય હવામાન વિભાગે આગામી બે દિવસ દરમિયાન દેશના મધ્ય, પૂર્વોત્તર અને દક્ષિણ ભાગોમાં ભારે વરસાદ માટેની સંભાવના વ્યક્ત કરાય છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, પૂર્વ અને ઉત્તરપૂર્વ ભારતમાં આગામી 7 દિવસ સુધી અલગ-અલગ વિસ્તારમાં ભારે વરસાદ ચાલુ રહેશે.

આકાશવાણીના સમાચાર વિભાગ સાથે વાત કરતા IMDના વરિષ્ઠ વૈજ્ઞાનિક આરકે જેનામાનીએ જણાવ્યું કે તમિલનાડુ, રાયલસીમા, કેરળ અને પૂર્વોત્તર ભારત માટે ઓરેન્જ એલર્ટની સાથે ભારે વરસાદની આગાહી કરાઈ છે....

# IRAN-VICE PRESIDENT RESIGNS

ઈરાનના ઉપરાષ્ટ્રપતિ મોહમ્મદ જાવદ ઝરીફે તેમની નિમણૂંકના 11 દિવસ બાદ જ રાજીનામું આપી દીધું છે. સોશિયલ મીડિયા પરની એક પોસ્ટમાં, શ્રી ઝરીફે કહ્યું કે તેઓ નવી ઈરાની સરકાર માટે કેબિનેટ સભ્યોની પસંદગી કરવા માટે તેમના કામના પરિણામોથી સંતુષ્ટ નથી અને તેઓ કહી રહ્યા છે કે 19 નામાંકિત મંત્રીઓમાંથી ઓછામાં ઓછા સાત તેમની પ્રથમ પસંદગી નહોતા.

શ્રી ઝરીફે કહ્યું કે તેમનું આ રાજીનામું ઈરાનના રાષ્ટ્રપતિને નિરાશ કરવાનું નથી પરંતુ તે વ્યૂહાત્મક બાબતો માટે ઉપરાષ્ટ્રપતિ તરીકેની તેમની ઉપયોગીતા અંગે શંકા દર્શાવે છે. 1 ઓગસ્ટના રોજ જારી કરાયેલા એક આદેશમાં ઈરાનના રાષ્ટ્રપતિએ જાવદ ઝરીફને ઉપરાષ્ટ્રપતિ અને સેન્ટર ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝના વડા તરીકે નિયુક્ત કર્યા હતા. શ્રી ઝરીફ પૂર્વ રાષ્ટ્રપતિ હસન રુહાનીના કાર્યકાળ દરમિયાન 2013 થી 2021 સુધી ઈરાનના વિદેશ મંત્રી હતા.

# NAMO TRAIN TICKET

ભારતીય રેલ્વે કેટરિંગ અને ટુરિઝમ કોર્પોરેશન અને રાષ્ટ્રીય રાજધાનીન ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના સહયોગથી નમો ભારત ટ્રેનો અને અન્ય ટ્રેનોમાં મુસાફરો માટે 'વન ઈન્ડિયા-વન ટિકિટ'ની પહેલ શરૂ કરશે. તેનો ઉદ્દેશ્ય મુસાફરોની સુવિધા વધારવાનો છે. આ દ્વારા મુસાફરો IRCTC અને રેલ્વેની એપ પર નમો ભારત ટ્રેનની ટિકિટ બુક કરાવી શકે છે. આ સિસ્ટમ હેઠળ ટિકિટ કેન્સલ કરવાની અને પેમેન્ટ મેળવવાની સુવિધા પણ ઉપલબ્ધ થશે.

IRCTCએ કહ્યું છે કે મુસાફરો નમો ભારત ટ્રેનની ટિકિટ માટે અન્ય QR કોડ જનરેટ કરી શકે છે. આ કોડ મુસાફરીની તારીખના વિકલ્પોની આસપાસ 4 દિવસ માટે માન્ય રહેશે. વર્તમાન રેલવે રિઝર્વેશન સિસ્ટમ હેઠળ, નમો ભારત ટિકિટ પણ 120 દિવસ અગાઉથી બુક કરાવી શકાય છે.

# BCL

ફ્રેન્ચાઇઝી આધારિત T20 ટૂર્નામેન્ટ , બિગ ક્રિકેટ લીગ BCLનું આયોજન કરાયું છે. આ ટૂર્નામેન્ટ દ્વારા સ્થાનિક ખેલાડીઓને તેમના ક્રિકેટિંગ હીરો સાથે રમવાની તક આપશે. BCL રાષ્ટ્રીય પ્રસારણકર્તા પ્રસાર ભારતી સાથે હાથ મિલાવ્યા છે.

બીસીએલનું ઉદઘાટન આ વર્ષે સપ્ટેમ્બરમાં લખનૌમાં યોજાશે. BCL નું સમગ્ર દેશમાં DD સ્પોર્ટ્સ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે, અને પ્રસાર ભારતી પણ તેના નેટવર્ક પર લીગનો પ્રચાર કરશે

# EPFO-SESSION.RTF

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન -EPFO આજે 'ફંડ ટ્રાન્સફર' વિષય પર 5મું જીવંત સત્ર યોજશે. જેનો ઉદ્દેશ સભ્યો અને પેન્શનરોને વિવિધ સેવાઓ વિશે માહિતી પૂરી પાડવાનો છે.

આ સત્ર EPFOના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રજૂ કરવામાં આવશે. શ્રમ અને રોજગાર મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે કે સત્ર દરમિયાન નિષ્ણાતો પ્રોવિડન્ટ ફંડ ટ્રાન્સફરનું મહત્વ અને તેની પ્રક્રિયા સમજાવશે અને સહભાગીઓના પ્રશ્નોના જવાબ આપશે.

# ELEPHANT - BHUPENDRA YADAV

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી ભૂપેન્દ્ર યાદવે દેશમાં હાથીઓ પ્રત્યે સહાનુભૂતિની ભાવનાને પ્રોત્સાહન આપવાની અને મનુષ્ય અને હાથીઓ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને ઘટાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગઈકાલે છત્તીસગઢના રાયપુરમાં વિશ્વ હાથી દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમનું ઉદ્ઘાટન કરતાં શ્રી યાદવે કહ્યું કે હાથીઓના સંરક્ષણ અને માનવ કલ્યાણની ખાતરી કરવા માટે વિવિધ પક્ષોએ સાથે મળીને કામ કરવાની જરૂર છે. તેમણે કહ્યું કે હાથીઓના સંરક્ષણ દ્વારા જ જંગલ વિસ્તારો સમૃદ્ધ થઈ શકે છે, તેથી હાથીઓને ઇકોસિસ્ટમના એન્જિનિયર તરીકે ઓળખવામાં આવે છે. હાથીઓના સંરક્ષણ માટે ભારત દ્વારા કરવામાં આવેલા પ્રયાસોનો ઉલ્લેખ કરતા શ્રી પ્રધાને કહ્યું કે ભારતે હાથીઓના સંરક્ષણમાં અગ્રણી ભૂમિકા ભજવી છે.

# GREECE-FOREST FIRE

ગ્રીસના જંગલમાં લાગેલી આગ એથેન્સના ઉપનગરોમાં ફેલાઈ છે, જેના કારણે હજારો લોકોને પોતાના ઘર છોડવાની ફરજ પડી છે. આગથી વૃક્ષો, મકાનો અને કારોને નુકસાન થયું છે અને આગને કાબૂમાં લેવા માટે સરકારે યુરોપિયન યુનિયનના સભ્યો પાસેથી મદદ માંગી છે. આગ બીજા દિવસે પણ કાબૂ બહાર છે. તોફાની પવનના કારણે આગ વધુ ફેલાઈ રહી છે.

# RBI REGULATIONS- NBFCS, HFCS

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ નોન-બેંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓને પ્રથમ ત્રણ મહિનામાં જમા રકમના 100 ટકા રિફંડ કરવાનો નિર્દેશ આપ્યો છે. જો તબીબી ખર્ચ અથવા કુદરતી આપત્તિ જેવી કટોકટીના કિસ્સામાં થાપણદાર નાણાં ઉપાડવા માંગે છે તો આવા સમયે થાપણદારે કોઈ વ્યાજ ચુકવવું નહી પડે.  જો કોઈ થાપણદાર અન્ય કોઈ કારણસર ઉપાડ કરવા માંગે છે તો NBFC કોઈપણ વ્યાજ વગર જમા કરેલી રકમના 50 ટકા ચૂકવી શકે છે.

આરબીઆઈએ કહ્યું કે મૂળ રકમના 50 ટકાથી વધુ અથવા 5 લાખ રૂપિયાથી  બેમાંથી જે ઓછું હોય તે સમય પહેલા ચૂકવી શકાય છે. આરબીઆઈએ નોન-બેંકિંગ ફાયનાન્સિયલ કંપનીઓને થાપણદારોને પાકતી મુદત વિશે બે મહિનાને બદલે 14 દિવસ અગાઉ જાણ કરવા જણાવ્યું છે. આ ફેરફારો 1 જાન્યુઆરી, 2025થી અમલમાં આવશે.